# રંગોલી, મહેંદી, સલાડની સજાવટ સાથે જેસીઆઈની મહિલાઓનો વટ

ગાંધીનગર, તા. ૧૮

સાજ-શણગાર એ મહિલાઓનો મનગમતો વિષય છે. કલાત્મકતા અને વિવિધતા સાથે તેઓ સજાવટનો વટ પાડી દે છે. ગાંધીનગર જેસીઆઈની મહિલા ટીમે ૧૬ એપ્રિલે કલ્પતરૂ લર્નીંગ સેન્ટર ખાતે એક કલાકાર મહિલાઓને પ્રોત્સાહન પુરૂ પાડવા વિવિધ સ્પર્ધાનું આયોજન કર્યું હતું.





મહેંદી, રંગોલી, આરતી અને સલાડ સજાવટ જેવી વિવિધ સ્પર્ધાઓમાં બહેનો સોળે કળાએ ખીલી હતી. મહિલાઓની આ સ્પર્ધામાં લતાબેન શુકલ અને લતાબેન બગથરીયા વિજેતા થયા હતા.

કાર્યક્રમની શોભા વધારવા કલ્પતરૂ કંપનીના ડાયરેક્ટર કમલ જૈનનાં શ્રીમતી મધુબેન જૈન કે જેઓ એક સાંસારીક તપસ્વીની જેવા છે, જૈનોની કડક તપશ્ચર્યા તેઓ કરે છે અને સામાજીક કાર્યોમાં ઉત્સાહભેર જાય છે, અને એમની સાથે બીજા ડાયરેક્ટર ડી.બી. પટેલના શ્રીમતી બીનાબેન પટેલ જેઓ અત્યંત માયાળુ અને મહિલાઓને પ્રોત્સાહન આપવામાં સદાય તત્પર રહે છે. એ બંન્નેની હાજરીથી આ સમગ્ર કાર્યક્રમમાં એક ઉત્સાહનો માહોલ છવાયો હતો.

આ કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી મિતાલી ત્રિવેદી, ફાલ્ગુની ભાવસાર તેમજ ભુમિકા નિર્મલે ઉપાડી હતી. બહેનોને ગમતા આ કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓથી એમની કલાત્મકતામાં નિખાર આવે છે અને શ્રેષ્ઠ સ્પર્ધકનું સન્માન પણ થાય છે. વિવિધ સજાવટની આ કૃતિઓથી ભાગ લેનાર દરેક મહિલાનો વટ પડી ગયો.

# સર્વતોભદ્ર સંસ્કાર પુરુષ પ્રેમશંકર ભટ્ટને વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈની ભાવભીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત રાજયના પૂર્વ ગૃહસચિવ અને ગાંધીનગરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ સાથે આજીવન સક્રિય રહેલા નગરશ્રેષ્ઠી સ્વ. પ્રેમશંકર ભટ્ટના નિધન પ્રસંગે ઊંડી સંવેદના પ્રગટ કરતાં જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ એક અખબારજોગ નિવેદનમાં જણાવ્યું હતું કે સ્વ. પ્રેમશંકર ભટ્ટ ગાંધીનગરના નગરજનો માટે 'ફાધર ફિગર' પિતૃતુલ્ય વડીલ હતા.

એમણે એમના માનસ સંતાનસમી જાગૃત નાગરિક પરિષદ સહિત નગરની અનેક સાહિત્ય-કળા-સંસ્કાર સાથે જોડાયેલી સંસ્થાઓમાં સક્રિય રહી ગાંધીનગરને એની આગવી ઓળખ ઉપલબ્ધ કરાવી છે. સ્વર્ગસ્થ બહુમુખી પ્રતિભા ધરાવતા આદર્શ માનવી હતા. સાહિત્ય ક્ષેત્રે એમનું પ્રદાન કવિતા પૂરતું મર્યાદિત રહ્યું એ એમની વ્યસ્તતાને કારણે. તેઓ એક ઉત્તમ સનદી અધિકારી હતા જેમને લોકોએ લોકસેવક સ્વરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા માટે સરકાર સામે ઝઝૂમતા જોયા છે. અંગત જીવનમાં તેઓ અત્યંત ઋજુ, સંવેદનશી ગૃહસ્થ હતા. એમનાં ધર્મપત્ની સાથેનું એમનું સાયુજ્ય દંતકથારૂપ લાગે એવું હતું. જીવનસંગિનીના દેહવિલય પછી આટલા ટૂંકા ગાળામાં મોટું ગામતરું કરનારા સર્વતોભદ્ર સંસ્કાર પુરુષનું જીવન જ એક ઉર્મિકાય સમું હતું. હું એમને આત્મકથા લખવા ઉશ્કેરતો રહ્યો પણ એ શકય ન બન્યું. એમણે આત્મકથા આપી હોત તો એક દસ્તાવેજી કાર્ય થઈ શકયું હોત. ગાંધીનગર શહેરને આ પારકી છઠ્ઠીના જાગતલ પ્રતાપી લોકનાયકની ખોટ ખૂબ સાલશે.

## આજે સે. ૨૬માં સંગીતમય સુંદરકાંડ

ગાંધીનગર, તા.૧૮

કળિયુગના ચિરંજીવીદેવ શ્રી હનુમાનજીની પવિત્ર સાધનાના પાવન અધ્યાય રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠનું બાલ કિર્તનકાર હિરલ ગોસ્વામી અને દિલીપભારતી ગોસ્વામીની વ્યાસપીઠે તા. ૧૯મી એપ્રિલ શનિવારે રાત્રે ૮ વાગે સેક્ટર-૨૬માં કિસાનનગરમાં પ્લોટ નં. ૭૨ ૩/૨ ભુપેન્દ્ર પ્રજાપતિના યજમાન પદે યોજાશે. તમામ ભાવિક ધર્મપ્રેમી જનતાને લાભ લેવા નિમંત્રણ અપાયું છે.

# ભાજપ લીગલ સેલ દ્વારા વકિલોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ભારતીય જનતા પાર્ટીના લોકસભા ચૂંટણી કાર્યાલય ખાતે આજે બપોરે ૨ વાગે પાર્ટીના લીગલ સેલની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં શહેર ભાજપા પ્રમુખ નીતિનભાઈ પટેલે હાજર સભ્યોને આઝાદીના સમયથી દેશને દિશા ચિંધવામાં વકીલોનો ફાળો રહ્યો હોવાનું જણાવ્યું હતું. તેમણે ઉપસ્થિત વકિલોને પાર્ટીની વિચારધારા જનસમુદાય સુધી પહોંચાડી ગાંધીનગર બેઠક પરથી લાલકૃષ્ણ અડવાણીને જંગી બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી.

ભાજપાની લીગલ સેલની આ બેઠકમાં ગાંધીનગરના અગ્રણી વકિલ પી.પી. બિહોલા, એમ.કે. ગોસ્વામી, લીગલ સેલના કન્વિનર અતુલભાઈ પંડ્યા, સહ કન્વિનર અશ્વિન ત્રિવેદી સહિત અન્ય વકિલો ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટી દ્વારા ચૂંટણી પ્રચારમાં દરેક ક્ષેત્રને આવરી લઈ આકરી મહેનત દ્વારા કોઈ કસર છોડવામાં આવી રહી નથી.

## આજે પેથાપુરમાં સુંદરકાંડ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરથી પેથાપુર રોડ પર આવેલ કૃષ્ણ વિજય સો મિલ સામે કેશવપાર્ક પાછળ આવેલ બંસરી બંગ્લોઝમાં તા. ૧૯ એપ્રિલ શનિવારે રાત્રે ૮ થી ૧૦.૩૦ વાગ્યા દરમ્યાન સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ધર્મપ્રેમી જનતાને પધારવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# ખર્ચ નિયંત્રક નિરીક્ષક પવનકુમારે ફ્લાઈંગ સ્કવોર્ડનું નિરીક્ષણ કર્યું

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ ૩૬-ગાંધીનગર(ઉ), ૩૮- કલોલ અને ૪૦- સાણંદ વિધાનસભા મત વિસ્તાર માટેના ખર્ચ નિયંત્રણ નિરીક્ષક શ્રી પવનકુમાર ખેતાને સ્ટેટિક સર્વેલન્સ ટીમ અને ફ્લાઈંગ સ્કવોર્ડની કામગીરીનું સંબંધિત સ્થળ પર જ નિરીક્ષણ કર્યું હતું. ખર્ચ નિયંત્રણ નિરીક્ષક શ્રી ખેતાને બન્ને ટીમોને ચૂંટણી દરમ્યાન અસરકારક કામગીરી કરવા અંગેનું યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું હતું.

ભારતીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા સારૂ ૩૬-ગાંધીનગર(ઉ), ૩૮- કલોલ અને ૪૦- સાણંદ વિધાનસભા મત વિસ્તાર માટે ખર્ચ નિયંત્રણ નિરીક્ષક તરીકે શ્રી પવનકુમાર ખેતાનની નિમંણુક કરવામાં આવી છે. તા. ૧૭મી એપ્રિલના રોજ ખર્ચ નિયંત્રણ નિરીક્ષક શ્રી પવનકુમાર ખેતાન મતદાર જાગૃતિ અર્થે વિધાનસભાની સામે, ચ - માર્ગ ખાતે યોજાયેલ માનવ સાંકળ કાર્યક્રમમાં ઉપસથિત રહયાં હતાં. તે ઉપરાંત તેમના હસ્તે ગાંધીનગર જિલ્લા સેવા સદનના જન સેવા કેન્દ્ર ખાતે મતદાર જાગૃતિના ઉમદા આશયથી યોજવામાં આવેલ -દર્શનનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. તેમણે સમગ્ર -દર્શનની મુલાકાત લીધી હતી.

ત્યારબાદ ગાંધીનગર ખાતે રાજકીય પક્ષોના -ચાર કાર્યક્રમનું પણ નિરીક્ષણ કર્યું હતું. -ચાર કાર્યક્રમમાં ફરજ બજાવતા વિડિયો સર્વેલન્સ ટીમને કાર્યક્રમની વિડિયો ગ્રાફી અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. તે ઉપરાંત શ્રી પવનકુમાર ખેતાને પેથાપુર, ઉનાવા અને રાંધેજા, રૂપાલ, સરઢવ, ધમાસણા અને તેરસાપરા ચોકડી ખાતે સ્ટેટિક સર્વેલન્સ ટીમ તથા ફ્લાઈંગ સ્કવોર્ડ ટીમની કામગીરીનો -ત્યક્ષ પરિચય કર્યો હતો. તેમની કામગીરીમાં કંઈ કંઈ બાબત પર ખાસ ધ્યાન આપવું જોઈએ તેની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કલોલ તાલુકાના અમુક ગામો અને આદરજ મોટી, કોલવડા સહિતના માર્ગમાં આવતા અનેક ગામોની મુલાકાત લીધી હતી.

# શહેરના રસ્તાઓ સાફ કરવા માટે વસાવેલ સાધનોના રૂપિયા પાણીમાં જઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૮

શહેરને ડસ્ટ રહિત કરવા માટે સરકાર દ્વારા ડસ્ટ ફ્રી સાધનો વસાવવામાં આવ્યા છે. ત્યારે આ યંત્રોના રૂપિયા પાણીમાં જઈ રહ્યાનો આક્ષેપ શહેરના જાગૃત નાગરિક રામજીભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યો છે.

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવાથી પાટનગરને લાંછન ન લાગે તે માટે સરકાર દ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. શહેરના રોડ રસ્તાઓ પર પસાર થતા પેટનું પાણીયે હલતુ નથી તેવા બનાવવામાં આવ્યા છે. ત્યારે આ રસ્તાઓની જાળવણી રાખવા માટે પણ સરકાર યોગ્ય પગલા લઈ રહી છે.

પરંતુ શહેરના સિનિયર સિટિઝન રામજીભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે રોડ ઉપરની ધૂળ સાફ કરવા માટે મહાનગરપાલિકા દ્વારા ડસ્ટ ફ્રી સાધન ફેરવવામાં આવે છે તે ખરેખર સારી વાત છે પણ, આ સાધનોની આડ અસર પણ થાય છે. જ્યારે આ સાધન ધૂળ સાફ કરવા આગળ વધે છે ત્યારે તેની ધ્રુજારીથી ડીવાઈડર પર રહેલી ધૂળ પાછી એજ રોડ પર આવી જાય છે.

તેમણે જણાવ્યું છે કે રોડ સાફ કરવા માટે સાધનોનો ઉપયોગ થાય છે પરંતુ રોડની વચ્ચેના ડીવાઈડરો માટીથી ભરાયેલા છે. જો આવા ડીવાઈડરો પત્થરથી ઢાંકી દેવામાં આવે તો સરકારના પાણીમાં જતા રૂપિયા બચી જાય. તેમજ રોડ નં. ૧ થી ૭ પર વચ્ચે ડીવાઈડરની ઊંચાઈ વધારવી જોઈએ. જેથી કરીને તે ધૂળને રોડ પર આવતી અટકાવી શકાય.

સરકાર દ્વારા રોડ સાફ કરવા માટેનો પ્રોજેક્ટમાં જેટલો પણ ખર્ચ કરવામાં આવે છે તે તમામ ખર્ચ માટેના નાણા ફાલતુમાં વેડફાઈ જાય છે. સાધનોમાંથી નીકળતા ધુમાડા શહેરને પ્રદૂષિત કરી રહ્યા છે. વરિષ્ઠ નાગરિક દ્વારા આ બાબતે મુખ્યમંત્રી સહિત સત્તાવાર તંત્રને જાણ કરવામાં આવી છે.

# ગાંધીનગરની પ્રજા રામ ભરોસે ને મોદીને લોખંડી સુરક્ષા : મહિલા કોંગ્રેસ

## અનાથ યુવતી પર બળાત્કારના પ્રકરણમાં કલેક્ટરને આવેદન : પીડિતાની મુલાકાત લઇ સાંત્વના આપી

ગાંધીનગર, તા. ૧૮

શહેર ના સે.૧૭ હેલીપેડ પાસે વન વિભાગ ની ઝાડીઓ માં એક અનાથ યુવતી ને લઈ જઈ કોઈ નરાધમે તેણીની પર પાશવી બળાત્કાર ગુજારીને ત્યાં જ રઝળતી મૂકી ફરાર થઈ ગયાની ચકચારી ઘટના બની હતી.આ ઘટના ના શહેરમાં ઘેરા -ત્યાઘાતો પડ્યા છે.જીલ્લા મહિલા કોંગ્રેસ સમિતિ ની મહિલાઓ એ આજે હોસ્પિટલ માં દાખલ પીડિતાને મળીને સાંત્વના આપી આ મામલાની ઝીણવટભરી તપાસ કરાવવા જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.વધુમાં તેમને જણાવ્યું હતું કે ગાંધીનગરની -જાને રામભરોસે મુકીને મોદીની સુરક્ષા માટે પોલીસને ખડકી દેવામાં આવતા આવા બનાવોમાં વધારો થઈ રહ્યો છે.

બળાત્કારનો ભોગ બનેલી ૨૦ વર્ષની અનાથ પીડિતા ઘેરા શોકમાં હોવાથી તેની માનસિક સ્થિતિ હજુ અસ્વસ્થ છે.જો કે આજે મહિલા કાઉન્સીલર ની મદદથી આ યુવતી ની તબિયત પર સુધારો જોવા મળી રહ્યો છે.આજે ગાંધીનગર જીલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના -મુખ હિનાબેન પટેલ સહીત મહિલા સભ્યો મીનાબેન વાઘેલા , જશીબેન શ્રીમાળી, રમીલાબેન ઠાકોર , હંસાબેન પરમાર , વીણાબેન રાજગોર , વિમળાબેન વેગળા ,લલીતાબેન ઠાકોર સહિતના કાર્યકરો એ પીડિતા ની હોસ્પિટલ માં મુલાકાત લઈ આશ્વાસન આપ્યું હતું.ત્યાર બાદ બળાત્કાર કરનાર નરાધમને ઝડપી પકડી પાડી સજા કરાવવા અંતર્ગત જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનમાં જણાવ્યામુજબ ગાંધીનગરની -જા ની સુરક્ષા માટે મુકેલી પોલીસ ને મોદીની સુરક્ષામાં ખડકી દઈને ગાંધીનગરની -જાને રામભરોસે કરી મુકવામાં આવ્યું છે.આ ઘટના ને ગાંધીનગર મહિલા કોંગ્રસે સખત શબ્દોમાં વખોડી કાઢી છે.



ગુડફ્રાઈડે નિમિત્તે જુદા જુદા ચર્ચમાં પ્રભુ ઈશુને યાદ કરવામાં આવ્યા હતા.

# મિશન-૨૬ પાર પાડવા માટે આજે ઝંઝાવતી પ્રચાર કરાશે

અમદાવાદ, તા.૧૮

ભાજપ પ્રદેશ મિડીયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, ભાજપના પ્રદેશ આગેવાનો લોકસભા ૨૦૧૪ના મિશન-૨૬ સંકલ્પને સાકાર કરવા વિવિધ સંસદીય ક્ષેત્રોમાં જઈ ભાજપના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે અને વિવિધ ૩૦ જગ્યાએ લોકસંપર્ક અને જાહેરસભાઓને સંબોધનાર છે. ઠેર-ઠેર કોંગ્રેસના કુશાસનને ઉખાડી ફેકવા અને દેશમાં આતંકવાદ અને નકસલવાદની સમસ્યાઓને જડમૂળમાંથી નશ્યત કરવા ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને પી.એમ. બનાવવા આહવાન કરશે. ચૂંટણી કેમ્પેઈન કમિટીના ચેરમેન પરસોત્તમ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુ તથા કલાકારો મહેશ નરેશ કનોડીયા, ભાજપના ઉમેદવારો તથા પ્રચાર કરશે. ભાજપના પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ ભાવનગર લોકસભા ક્ષેત્રમાં ભાજપ ચૂંટણી કેમ્પેઈન કમિટીના ચેરમેન પરશોત્તમ રૂપાલા અમરેલી લોકસભા ક્ષેત્રના ૪ વિસ્તારોમાં, રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા બનાસકાંઠા લોકસભા ક્ષેત્રના ૩ વિસ્તારોમાં, રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણલાલ વોરા બનાસકાંઠા લોકસભા ક્ષેત્રના ૧ વિસ્તારમાં, રાજ્યના મહેસુલ મંત્રી આનંદીબેન પટેલ કચ્છ લોકસભા ક્ષેત્રના ૩ વિસ્તારોમાં, વિધાનસભાના ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલ સાબરકાંઠા લોકસભા ક્ષેત્રના ૪ વિસ્તારોમાં, શંભુનાથ ટુંડીયા આણંદ લોકસભા ક્ષેત્રના ૭ વિસ્તારોમાં, ગોરધન ઝડફીયા અમરેલી લોકસભા ક્ષેત્રમાં મહેશ અને નરેશ કનોડીયા ભરૂચ લોકસભા ક્ષેત્રના ૩ વિસ્તારોમાં, તેમજ મહેશ કસવાલા અને જે.ડી. મજીઠીયા ગાંધીનગર લોકસભામાં ભાજપના લોકસભાના ઉમેદવારો માટે ઝંઝાવતી પ્રચાર કરશે.

## એકસ સર્વિસમેન જવાનોના એસોસીએશનની રવિવારે વાર્ષિક સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ધી ગાંધીનગર એકસ સર્વિસમેન વેલફેર એસોસીએશનની વાર્ષિક સભા તા. ૨૦મી એપ્રિલના સાંજે સાડા પાંચ વાગે, કચ્છ-કાઠીયાવાડ રાજપૂત સમાજ ભવન સેકટર-૧૭, 'ઘ' સાડા ચાર બસ સ્ટેન્ડની પાછળ રાખેલ છે. જેમાં પૂર્વ સૈનિકો અને શહીદ જવાનોની વિધવાનોને ગાંધીનગર મહાનગર પાલિકામાં ભરવા પડતા મકાન-મિલકત વેરામાંથી મુકિત માટે રજુઆત કરવા અંગે ચર્ચા થશે. તો પૂર્વ સૈનિક મિત્રો-શહીદ જવાનોની વિધવાઓને હાજર રહેવા કાર્યકારી પ્રમુખશ્રી એમ.પી. નાયરે જણાવેલ છે.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

## ચિરવિદાય

- સ્વ. પ્રેમશંકર વસનજી ભટ્ટ (ઉ.વ.૮૭) પ્લોટ નં.૭૫૪, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. વલ્લભભાઈ ગીરધરભાઈ ઠાકોર (ઉ.વ.૬૦) મુ.પો.રૂપાલ, ગાંધીનગર.
- સ્વ. ગૌરીશંકર બિહારીલાલ શર્મા (ઉ.વ.૬૩) મુ. કુડાસણ, ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન મણાજી ઠાકોર (ઉ.વ.૯૦) ગામ-દંતાલી, તા.કલોલ, જી. ગાંધીનગર.
- સ્વ. તખુજી મોતીજી ચૌહાણ (ઉ.વ.૭૫) ગામ-કુડાસણ, તા.જી. ગાંધીનગર.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૮

સૂર્યાસ્ત : ૭.૦૦

## તાપમાન

મહત્તમ : ૩૮.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૭ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :

૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦,૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :

રીઓ-૨ (અંગ્રેજી) ૩ડી : ૩.૦૦, ૫.૦૦

કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૭.૦૦

: સ્કીન-૪ :

મે તેરા હીરો : ૧૨.૦૦, ૨.૩૦, ૧૦.૦૦

લકી કબુતર : ૪.૪૫ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦

જલ : ૪.૦૦ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦

: સ્કીન-૫ :

૨ સ્ટેટસ્ વન લવ : ૧૦.૦૦

ભૂતનાથ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્કીન-૬ :

ભૂતનાથ રીર્ટન : ૧૨.૩૦ ● મે તેરા હીરો : ૧૦.૦૦

૨ સ્ટેટસ્ વન લવ : ૬.૩૦

લકી કલૂતર : ૪.૪૫

### સિને મેક્સ

: સ્કીન-૧ :

મે તેરા હીરો : ૯.૧૫, ૩.૦૦, ૧૦.૪૫

કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૧૨.૦૦, ૩.૦૦

૩ડી રીયો (હિન્દી) : ૫.૪૫

નમો સૌને ગમો (ગુજરાતી) : ૮.૦૦

: સ્કીન-૨ :

ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

દેખ તમાશા દેખ : ૧.૦૦

: સ્કીન-૩ :

૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦

: સ્કીન-૪ :

૨ સ્ટેટસ્ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :

ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્કીન-૨ :

મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્કીન-૩ :

કેપ્ટન અમેરિકા : ૧.૧૫

ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

૨ સ્ટેટસ્ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :

ભતૂનાથ રિટર્ન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

મે તેરા હીરો : ૧.૧૫, ૭.૧૫

: સ્કીન-૩ :

પોલીસ સ્ટોરી-૬ : ૧૦.૦૦, ૩.૦૦, ૧૦.૧૫

લકી કબુતર : ૧૨.૩૦, ૫.૩૦,

નમો સૌને ગમો (ગુજરાતી) : ૮.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રીતના પારખાં :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. સામાજિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ-પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ગુસ્સા અને આવેગ પર કાબૂ રાખવો. ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.